# આસપાસ ચોપાસ




# ધરમપુરી




## ધરમપુરી ગામમાં વિકાસનાં કામો

ધરમપુરી ગામ છેલ્લાં કેટલાંક વર્ષોથી ધીમી પરંતુ સતત વિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે. ગ્રામ પંચાયત અને વિવિધ સરકારી યોજનાઓના સહયોગથી ગામમાં અનેક વિકાસલક્ષી કામો પૂર્ણ થયાં છે, જ્યારે કેટલાક મહત્ત્વના પ્રોજેક્ટ્સ આયોજન હેઠળ છે. ગામમાં થયેલાં મુખ્ય વિકાસ કાર્યોમાં ધરમપુરી ગ્રામ પંચાયતના નવા મકાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઉપરાંત ઉનાઈ-ધરમપુરી મુખ્ય માર્ગથી પારસી ફળિયા સુધી અંદાજે 1.5 કિલોમીટર લાંબા ડામર રસ્તાનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ ધરમપુરી-સરા મુખ્ય માર્ગથી ચિકાર ફળિયા તરફ આશરે 1600 મીટર લાંબા ડામર રસ્તાનું કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આંતરિક સુવિધાઓના વિકાસ હેઠળ ગામમાં અત્યાર સુધી 17 પાકા રસ્તાનું નિર્માણ થઈ ચૂક્યું છે, જ્યારે વધુ 3 રસ્તાનું આયોજન કરવામાં આવ્યું છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે ગટર વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત ગામના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીના કારણે વાહનવ્યવહારને પડતી મુશ્કેલી દૂર કરવા માટે ચાર પાકા નાળાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. શિક્ષણ અને બાળ વિકાસ ક્ષેત્રે પણ નોંધપાત્ર કામગીરી થઈ છે. ગામમાં ત્રણ આંગણવાડીનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં કમ્પાઉન્ડ વોલ અને પતરાના શેડ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગામની એકમાત્ર પ્રાથમિક શાળાનું આધુનિક સુવિધાઓ સાથે નવીનીકરણ કરવામાં આવ્યું છે. શાળાની ફરતે કમ્પાઉન્ડ વોલ, શેડ તેમજ સુંદર ગાર્ડનનું નિર્માણ થતાં વિદ્યાર્થીઓને આકર્ષક અને અનુકૂળ શૈક્ષણિક વાતાવરણ મળી રહ્યું છે. સ્થાનિક લોકો પાસેથી મળતી માહિતી મુજબ આગામી સમયમાં ધરમપુરી મુખ્ય માર્ગ નજીક સરકારી યોજના હેઠળ નવા બસ સ્ટેન્ડના નિર્માણનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સુવિધા શરૂ થયા બાદ ગામના મુસાફરોને વધુ સગવડ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## પ્રકૃતિ પૂજાનું વિશેષ મહત્ત્વ



ધરમપુરીમાં વસતા આદિવાસી પરિવારોમાં આજે પણ પ્રકૃતિ પૂજાનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે. અહીંના લોકો પરંપરાગત જીવનશૈલી અને સાંસ્કૃતિક મૂલ્યોને જાળવી રાખીને પ્રકૃતિ પ્રત્યે અખૂટ આસ્થા ધરાવે છે. ગામના વડીલો દ્વારા યુવા પેઢીને પ્રકૃતિ પૂજાનું મહત્ત્વ સમજાવી તેમની પરંપરા અને સંસ્કૃતિનું જતન થાય એ માટે સતત માર્ગદર્શન આપવામાં આવે છે. ગામના સીમાડા તેમજ જંગલ વિસ્તારમાં પશુ-પક્ષી, સાપ, સૂર્ય અને ચંદ્રના પ્રતીકોની સ્થાપના કરીને તેમની પૂજા કરવામાં આવે છે. આ ઉપરાંત આદિવાસી સમાજમાં વાઘ બારસ પર્વનું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ છે. દર વર્ષે વાઘ બારસના દિવસે સમગ્ર ગામના લોકો વાઘદેવીની સ્થાપના કરેલી જગ્યાએ એકત્રિત થઈ આદિવાસી પરંપરા મુજબ પૂજા-અર્ચના કરે છે અને સારો વરસાદ તથા સમૃદ્ધ પાક માટે પ્રકૃતિને પ્રાર્થના કરે છે. વાઘદેવીનું સ્થાન જંગલ વિસ્તારમાં આવેલું છે અને વિશેષ માન્યતા મુજબ સ્થાપિત મૂર્તિ ઉપર છત બનાવવામાં આવતી નથી. આદિવાસી ખેડૂતોમાં વાઘદેવી માતા પ્રત્યે અખૂટ શ્રદ્ધા અને વિશ્વાસ જોવા મળે છે. ગામના વડીલોના જણાવ્યા મુજબ પ્રકૃતિની આરાધના કરવાથી ગામ અને ખેડૂતો પર આવતી અનેક મુશ્કેલીઓ દૂર થાય છે એવી લોકમાન્યતા આજે પણ જીવંત છે. આ પરંપરા ધરમપુરી ગામની સાંસ્કૃતિક ઓળખ અને પ્રકૃતિ પ્રત્યેના આદરનું અનોખું પ્રતિબિંબ છે.

## આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ

ધરમપુરી ગામમાં બાળકોના પ્રાથમિક શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે ત્રણ આંગણવાડીઓ કાર્યરત છે, જેમાં નિશાળ ફળિયાની આંગણવાડીમાં આશરે 15 બાળકો, ચિકાર ફળિયાની આંગણવાડીમાં 12 બાળકો તથા પારસી ફળિયાની આંગણવાડીમાં 6 બાળકો મળી કુલ 33 જેટલાં બાળકો લાભ લઈ રહ્યાં છે. સરકાર દ્વારા બાળકોને પૌષ્ટિક આહાર, પ્રાથમિક શિક્ષણ, રમતગમતનાં સાધનો તેમજ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જો કે, કેટલીક મૂળભૂત સુવિધાનો અભાવ જોવા મળી રહી છે, જેમાં નિશાળ ફળિયાની આંગણવાડીમાં બાળકો માટેનાં રમતગમતનાં સાધનો વર્ષોથી જર્જરિત હાલતમાં છે. આ સાધનોના સમારકામ કે બદલાવ અંગે યોગ્ય ધ્યાન આપવામાં આવ્યું નથી. જેના કારણે બાળકોને ઈજા થવાનો ભય સતત રહે છે. આ સ્થિતિ સંબંધિત તંત્રની બેદરકારી તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. બાળકોના સુરક્ષિત અને ગુણવત્તાસભર વિકાસ માટે ત્રણેય આંગણવાડીઓમાં પીવાના પાણી, સલામત રમતગમતના સાધનો તથા અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોવી જોઈએ તેવી ગ્રામજનોની માંગ છે.



## ધરમપુરી પ્રાથમિક શાળા: નવીનીકરણ, સગવડો અને ગુણવત્તાયુક્ત શિક્ષણનું ગૌરવવંતુ કેન્દ્ર

ધરમપુરી ગામમાં શિક્ષણનું મુખ્ય કેન્દ્ર નિશાળ ફળિયા ખાતે આવેલી એકમાત્ર સરકારી પ્રાથમિક શાળા છે. હાલ નવા રૂપરંગ સાથે નવીનીકરણ થયા બાદ ખૂબ જ સુંદર લાગી રહી છે. શાળા હરિયાળા ફૂલછોડ અને રંગબેરંગી ફૂલોથી ગાર્ડન જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આશરે 70 વર્ષ જૂની આ શાળામાં ધોરણ-1થી 8 સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં શાળામાં 157 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જ્યારે તેમના શૈક્ષણિક વિકાસ માટે શાળાના દરેક શિક્ષકો ખૂબ જ સારી ફરજ બજાવી રહ્યા છે. શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને સરકારની મધ્યાહન ભોજન યોજના અંતર્ગત પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે. અહીંના શિક્ષકો વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિશેષ ધ્યાન આપવાની સાથે રમતગમત, સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં પણ તેમને પ્રોત્સાહિત કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે. છેલ્લા કેટલાક સમયથી મહેકમ મુજબ શિક્ષકોની અછત વર્તાતી હતી, પરંતુ હાલ તંત્ર દ્વારા જરૂરી શિક્ષકોની નિમણૂક કરવામાં આવતાં વિદ્યાર્થીઓને વધુ ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ મળી રહ્યો છે. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે. તાલુકા કક્ષાની ઇનોવેશન પ્રવૃત્તિમાં તેઓ જિલ્લા કક્ષાએ પહોંચ્યા હતા, જ્યારે સરકારના જ્ઞાન સેતુ-જ્ઞાન સાધના પ્રોજેક્ટમાં શાળાના ચાર વિદ્યાર્થીઓ મેરિટમાં સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. આધુનિક શિક્ષણને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી શાળામાં નવા મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. બાંધકામ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણનો વધુ સારો લાભ મળશે અને તેમના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન મળશે.

## આર્મીમાં ફરજ બજાવતા ધરમપુરીના હિતેશભાઈ ગામીત



ધરમપુરીના ગામીત ફળિયામાં રહેતા હિતેશભાઈ કેવાજીભાઈ ગામીત ધરમપૂરી ગામ માટે ગૌરવસમાન છે. તેઓ વર્ષ-2007માં ઇન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP) માં ભરતી થઈ દેશસેવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. વર્ષ-2008માં તેમની પ્રથમ પોસ્ટિંગ જમ્મુ-કાશ્મીરમાં થઈ હતી. બાદ તેમણે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ અને આસામ જેવા સરહદી તથા અતિ સંવેદનશીલ વિસ્તારોમાં ફરજ બજાવી દેશની સુરક્ષા માટે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. હાલમાં પણ તેઓ તેઓ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી રહ્યા છે. ધરમપુરી જેવા નાના ગ્રામ્ય વિસ્તારમાંથી નીકળીને દેશની સુરક્ષા માટે સેવા આપતા હિતેશભાઈ ગામીત સમગ્ર ગામ માટે પ્રેરણાસ્રોત બન્યા છે. તેમના સમર્પણ અને દેશપ્રેમને લઈને ધરમપુરીના ગ્રામજનો ગર્વની લાગણી અનુભવે છે.




## ધરમપુરી ગામમાં યુવાનો માટે રમતના મેદાનનો અભાવ

આજના સમયમાં ખેલ મહાકુંભ જેવી વિવિધ રમતગમત સ્પર્ધાઓના માધ્યમથી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના અનેક પ્રતિભાશાળી યુવાનો પોતાની રમત કૌશલ્યના આધારે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પહોંચીને ગોલ્ડ તથા સિલ્વર મેડલ મેળવી પોતાનું, પોતાના ગામનું અને દેશનું નામ રોશન કરી રહ્યા છે. ત્યારે કોઈપણ રમત માટે યોગ્ય અને સુવિધાસભર રમતનું મેદાન હોવું અત્યંત આવશ્યક છે. ધરમપુરી ગામમાં રમતના મેદાનનો અભાવ હોવાથી અહીંના યુવાનોને ક્રિકેટ, કબડ્ડી, વોલીબોલ, એથ્લેટિક્સ સહિતની વિવિધ રમતોની નિયમિત પ્રેક્ટિસ કરવા માટે યોગ્ય સ્થળ ઉપલબ્ધ નથી. ઉપરાંત પોલીસ, લોકરક્ષક દળ તથા અન્ય સરકારી ભરતી માટે જરૂરી દોડ અને શારીરિક કસોટીની તૈયારી કરવામાં પણ યુવાનોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગ્રામજનોની માંગ છે કે ગામમાં રમતગમતનું મેદાન વિકસાવવામાં આવે, જેથી યુવાનો પોતાની પ્રતિભાને યોગ્ય દિશા આપી રમતગમત અને વિવિધ ભરતી પરીક્ષાઓમાં સફળતા મેળવી શકે.

## દશેરા પર્વનું વિશેષ મહત્ત્વ

ધરમપુરી ગામમાં દશેરા પર્વની ઉજવણીને વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ આપવામાં આવે છે. આ પર્વ નિમિત્તે સમગ્ર ગામના લોકો એકત્રિત થઈ સ્વૈચ્છિક ફાળો એકત્ર કરે છે, જેના દ્વારા દશેરા મહોત્સવનો તમામ ખર્ચ ઉપાડવામાં આવે છે. ગામના નિશાળ ફળિયા ખાતે આવેલી દૂધ ડેરીની બાજુમાં આવેલા મેદાનમાં દર વર્ષે પરંપરાગત રીતે રાવણ દહનનો કાર્યક્રમ યોજાય છે. રાવણ દહન બાદ નવરાત્રિ દરમિયાન સ્થાપિત કરવામાં આવેલી માતાજીની બે પવિત્ર માટલીઓનું વિધિપૂર્વક વિસર્જન કરવામાં આવે છે, જેમાં એક માટલી ધરમપુરી ગામની કોષ ખાડી નદીમાં વિસર્જિત કરવામાં આવે છે, જ્યારે બીજી માટલી અંબિકા નદીના કિનારે આવેલા ઘુસમાઈ માળી મંદિર ખાતે લઈ જવામાં આવે છે. ઘુસમાઈ માળી મંદિર ખાતે ગ્રામજનો દ્વારા માતાજીની પૂજા-અર્ચના, આરતી તેમજ પરંપરાગત ગરબાનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગમાં આસપાસના વિસ્તારોમાંથી પણ હજારો શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ભક્તિભાવ અને આનંદ-ઉલ્લાસ સાથે દશેરા પર્વની ઉજવણી કરે છે. આ પરંપરા ગામની ધાર્મિક આસ્થા, એકતા અને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રતીક માનવામાં આવે છે.




## દૂધડેરી થકી પગભર થતા ખેડૂતો

ધરમપુરી ગામમાં પશુપાલન અને દૂધ ઉત્પાદન ગ્રામજનોના જીવનનિર્વાહનું મુખ્ય સાધન બની રહ્યું છે. ગામની શ્રી મહિલાઓ સંચાલિત ધરમપુરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની સ્થાપના તા.9-2-1992ના રોજ કરવામાં આવી હતી. આજે મંડળીમાં કુલ 283 સભાસદ જોડાયેલા છે, જેઓ નિયમિત દૂધ ભરી સારી આવક મેળવી આર્થિક રીતે સશક્ત બન્યા છે. દૂધમંડળી ખાતે દરરોજ આશરે 4,000 લિટર દૂધનું સંકલન કરવામાં આવે છે, જેના થકી દર મહિને અંદાજે રૂ.45 લાખ જેટલો વ્યવહાર થાય છે. ધરમપુરી ગામના આશરે 80 ટકા લોકો પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે, જેના કારણે ગ્રામજનોની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. આ દૂધમંડળીનું સંચાલન મહિલાઓના નેતૃત્વ હેઠળ કરવામાં આવે છે. મંડળીના પ્રમુખ અલ્કાબેન આર.ભગરીયા તથા મંત્રી પદ ઉજ્જવલભાઈ સંભાળી રહ્યા છે, તેમજ સંચાલન સમિતિમાં સહિતના સભ્યો મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવી રહ્યા છે. ધરમપુરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી માત્ર ખેડૂતોને રોજગારી અને આવકનું મજબૂત માધ્યમ પૂરું પાડતી નથી, પરંતુ મહિલાઓના સશક્તિકરણ અને ગામના સર્વાંગી આર્થિક વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

## ધરમપુરી ગામની આરોગ્ય સુવિધા

ધરમપુરીમાં આરોગ્યની પ્રાથમિક સુવિધા માટે સબ સેન્ટર કાર્યરત છે, જ્યાં ગામના બીમાર લોકોને પ્રાથમિક આરોગ્ય તપાસ તેમજ જરૂરી સારવાર આપવામાં આવે છે. આ સબ સેન્ટરના કારણે ગ્રામજનોને નાની-મોટી બીમારીઓમાં ઘરઆંગણે જ સારવાર મળી રહે છે. આશરે 2800 જેટલી વસતી ધરાવતા ધરમપુરીના દર્દીઓને વધુ સારવારની જરૂરિયાત ઊભી થાય ત્યારે માત્ર 6 કિલોમીટરનું અંતર કાપીને વાંસદા સ્થિત સરકારી હોસ્પિટલ સુધી સરળતાથી પહોંચી શકાય છે. ગામથી વાંસદા સુધી પાકા ડામર માર્ગની સુવિધા હોવાથી 108 એમ્બ્યુલન્સ સહિત અન્ય વાહનો પણ ઝડપથી દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડી શકે છે. આ રીતે ધરમપુરી ગામમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ સાથે નજીકમાં ઉપલબ્ધ હોસ્પિટલ અને સારા માર્ગ વ્યવહારને કારણે ગ્રામજનોને આરોગ્ય ક્ષેત્રે જરૂરી સુવિધાઓનો લાભ મળી રહ્યો છે.




(માહિતી સંકલન અને તસવીરઃ ચેતન પટેલ, વાંસદા)